# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
# નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત
# ટેન્ડર નોટીસ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત ખાતે ચાલુ નાંણાકિય વર્ષ ૨૦૨૧–૨૨ માં આયોજીત કરવામાં આવનાર કાર્યક્રમો જેવાકે તાલીમ, ખેડુત શિબિર, સેમિનાર અને કૃષિ મેળા જેવી વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેનાર લાભાર્થીઓ માટે ચા–નાસ્તો અને ભોજનના ભાવો મંગાવવાના થાય છે. આ માટે અત્રેની કચેરીએથી કચેરી સમય દરમ્યાન (જાહેર રજા સિવાય) ૧૫૦૦/– ફી ભરીને ટેન્ડર ફોર્મ મેળવી, ટેન્ડર ભરી (તમામ ટેક્ષ સહીતના ભાવો સાથે) સદર ટેન્ડર પ્રસિધ્ધ થયેથી ૨૧ દિવસમાં અત્રેની કચેરીને મળે તે રીતે પોસ્ટ/ કુરિયર દ્વારા મોકલી આપવાના રહેશે. જેની વિગતવાર માહિતી નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in પરથી મેળવી શકાશે.

સ્થળ: સુરત
તારીખ: ૨૧/૦૯/૨૦૨૧

વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત

<u>કચેરીનાં ઉપયોગ માટે</u>

| | | |
|---|---|---|
| ડૉ. જે.એચ.રાઠોડ<br>વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા | **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**<br>નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>સુરત– ૩૯૫ ૦૦૭ | NAVSARI AGRICULTURAL UNIVERSITY<br>ઓ:૦૨૬૧-૨૬૫૫૫૬૫<br>મો.: ૮૧૨૮૬૮૬૭૨૦ |
| | e-mail : kvksurat@nau.in | |

# ટેન્ડર ફોર્મ

## ચા – નાસ્તા અને વર્કીંગ લંચ/ડીનર (ભોજન)

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (નોન રીફંડેબલ) | :– | ૧૫૦૦/– ( અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) |
| ૨ | ટેન્ડર ફી ભર્યાની તારીખ | :– | |
| ૩ | ટેન્ડર ફી ભર્યાની રસીદ નં. | :– | |
| ૪ | ટેન્ડર નંબર | :– | (કચેરી વપરાશ) |
| ૫ | ટેન્ડર ફોર્મ ભરીને કચેરીમાં રજુ કરવાની છેલ્લી તારીખ | :– | જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન – ૨૧ માં |
| ૬ | ટેન્ડર ફોર્મ ભરીને મોકલવાનું સરનામું | :– | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>અઠવા ફાર્મ, સુરત– ૩૯૫૦૦૭,<br>જી–સુરત(ગુજરાત) |

# <u>ચા– નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન)</u>
# <u>(Rate Quoting Performa)</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, અઠવા ફાર્મ, સુરત દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી વિવિધ ખેડુતલક્ષી પ્રવૃતિઓનું આયોજન કરવાનું હોય ત્યારે ભાગ લેનાર તાલીમાર્થી / લાભાર્થીઓને ચા–નાસ્તો, વર્કિંગ લંચ/ડીનર(ભોજન) અને પીવાનું પાણી વિગેરે આપવાનું થાય છે. તો સદર કામગીરી માટેના ભાવ નીચેની વિગતે ભાવપત્રકમાં ભરવાના રહેશે અને શરતોને આધીન રહીને સેવાઓ પુરી પાડવાની રહેશે.

| **ક્રમ** | **આઈટમની વિગત** | **મેનુની વિગત** | **તમામ ટેક્ષ સાથેના ૧ ડિશનો ભાવ રૂ/.** |
|---|---|---|---|
| ૧ | વર્કિંગ લંચ/ડીનર (ભોજન) | (૧) દાળ, ભાત, શાક (મીક્ષ લીલા શાકભાજી), પુરી/ રોટલી, કચુંબર, પીવાનું મીનરલ પાણી અને મુખવાસ | |
| | | (૨) દાળ, ભાત, શાક (મીક્ષ લીલા શાકભાજી), પુરી/ રોટલી, લાપસી, કચુંબર, પાપડ, પીવાનું મીનરલ પાણી અને મુખવાસ | |
| | | (૩) દાલ ફ્રાય, જીરા રાઈસ, શાક–૨ (મીક્ષ લીલા શાકભાજી, કઠોળ શાક, પંજાબી), પુરી/ રોટલી,૧ સ્વીટ, ફરસાણ, કચુંબર, પાપડ, છાશ, પીવાનું મીનરલ પાણી અને મુખવાસ | |
| | | (૪) ફુડ પેકેટ (૮ નંગ પુરી, સુકી ભાજી, અથાણું, ૨૦૦ મીલી પીવાનું પાણી પાઉચ) | |
| ૨ | ચા–નાસ્તા | (૧) બટેટા પૌવા/ ખમણ/ સુકુ ફરસાણ/ અન્ય નાસ્તો (૧૫૦ ગ્રામ) | |
| | | (૨) ચા/ કોફી/ દુધ (૫૦ મી.લી.) | |
| | | **કુલ રકમ** | |

ટેન્ડર ભરનારનું નામ :–
મોબાઈલ નંબર :–

સ્થળ :..............................

તારીખ:.............................

**ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો**

# શરતો

| | |
|---|---|
| ૧ | વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવાની તારીખ અને સ્થળ નકકી થયે અગાઉથી જાણ કર્યા મુજબનાં અંદાજીત ઓર્ડર પ્રમાણેની સંખ્યા / વ્યકિતઓ માટે ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) તથા જમવા/નાસ્તા માટેના તમામ સાધનોની સાથે પિરસવાના સ્ટાફની સુવિધા પુરી પાડવાની રહેશે. તે અંગેનાં જુદા જુદા મેનું મુજબના ભાવો ભાવપત્રકમાં તમામ પ્રકારના ટેક્ષ, ટોલ, ચાર્જ, ટ્રાન્સપોર્ટ ચાર્જ સહિતના પ્રતિ ડીસ પ્રમાણે આપવાના રહેશે. |
| ૨ | રસોઈ બનાવવા માટે ઉચ્ચ કક્ષાની કાચી સામગ્રી, ડબલ ફીલ્ટર્ડ તેલ (મગફળી અથવા કપાસીયા) અને રસોઈ અને પીવાના પાણી માટે R.O. વોટર નો ઉપયોગ કરીને આરોગ્યપ્રદ, શુધ્ધ અને સાત્વિક રસોઈ બનાવવાની રહેશે. ગુણવત્તા બાબતે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહિ. ઓછામાં ઓછા ભાવ જ નહી પરંતુ વસ્તુની ગુણવત્તા અને સ્પેશીફિકેશન તથા ઉચ્ચ ગુણવત્તાને ધ્યાને લેવામાં આવશે. |
| ૩ | ટેન્ડરમાં જે ભાવ ભરવામાં આવે તે છેકછાક કે સુધારા વધારા વગરના આંકડા સ્પષ્ટ વાંચી શકાય તે રીતે લખવા જયાં છેકછાક કે સુધારા વધારા થતા હોય ત્યા નવેસરથી ભાવ લખી ટુંકી સહી કરવી અને પેન્સીલથી ભાવો લખવા નહીં તેમજ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની વિગત પ્રમાણેનું ભાવપત્રક જ માન્ય ગણશે. |
| ૪ | સરકારશ્રી દ્વારા માન્ય થયેલ જાહેર પબ્લિકના આરોગ્યની જાળવણીના નિયમોનુસાર રસોડાની સ્વચ્છતા અને રસોઈ સંબંધી તમામ ચીજવસ્તુઓ, વાસણો, સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૫ | સમારંભના અંતે સાફ સફાઈ કરી જમવાનું સ્થળ વ્યવસ્થીત ચોખ્ખું કરવાનું રહેશે. |
| ૬ | ભોજન માટે ઓછામાં ઓછા ૧૦ (દસ) વ્યકિત હોય ત્યારે પણ ભોજન પુરૂ પાડવાનું રહેશે. |
| ૭ | ભાવપત્રક બંધ કવરમાં મોકલવું અને કવર ઉપર **"ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન)"** એવું લખી **વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, અઠવા ફાર્મ, સુરત – ૩૯૫૦૦૭, જી – સુરત (ગુજરાત)** ખાતે જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન – ૨૧ સુધીમાં પોસ્ટ/ કુરીયર દ્વારા કચેરીના સમય દરમ્યાન મળે તે રીતે મોકલવું. |
| ૮ | અર્નેસ્ટ મની ડીપોઝીટ EMD રૂા. ૧૦,૦૦૦/– વગરનું ટેન્ડર સ્પર્ધા માટે ગણત્રીમાં લેવામાં આવશે નહી. EMD (ડીડી સ્વરૂપે) NAU KVK Revolving Fund Account Payable at Surat ના નામનો બનાવવાનો રહેશે. અસફળ બીડરોને તેમની EMD ની રકમ (ડીડી/ચેક સ્વરૂપે) ટેન્ડરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે. |
| ૯ | અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની પુરેપુરી રકમ નીચે દર્શાવેલ કારણોસર જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં<br>(અ) ટેન્ડર ભરનાર પાર્ટી પોતાનું ટેન્ડર પરત ખેચશે તો.<br>(બ) જે પાર્ટીનું ટેન્ડર મંજુર કરવામાં આવે અને તે પાર્ટી જો ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) ની કામગીરી કરવાનું ન સ્વીકારીને પીછે હઠ કરે તો, |
| ૧૦ | જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭ માં સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ રૂા. ૧૦,૦૦૦ /– (અંકે રૂપિયા દસ હજાર પુરા) જમા કરાવવાના રહેશે, જે રકમ નીચે દર્શાવેલ કારણોસર પૂર્ણ અથવા અંશતઃ જપ્ત (forfeit) કરવામાં આવશે. જેમાં ,<br>(અ) રસોઈ કરેલ સ્થળની સાફ સફાઈ કરવામાં ન આવે અને કચેરી તરફથી સફાઈની વ્યવસ્થા કરવામાં આવે.<br>(બ) કોન્ટ્રાકટની નકકી કરેલ સમયાવધિ પહેલાં અધવચ્ચેથી કામગીરી છોડીને જતા રહે તો,<br>(ક) રસોઈની કામગીરી સંતોષકારક ન કરે તો,<br>કોન્ટ્રાકટ પૂર્ણ થયે કામગીરી સંતોષકારક જણાય તો સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ પુરેપુરી પરત કરવામાં આવશે. |
| ૧૧ | જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે રસોઈ પુરી પાડવામાં નિષ્ફળ જશે તો કોઈપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો કોન્ટ્રાકટ રદ કરી પછીના ક્રમે આવતા ઈસમને કોન્ટ્રાકટ આપી દેવામાં આવશે અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની રકમ પુરેપુરી જપ્ત (forfeit) કરવામાં આવશે. |
| ૧૨ | કાર્યક્રમના અંતે **વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., અઠવાફાર્મ, જી–સુરત**ના નામનું બીલ દિન–૭ માં આપવાનું રહેશે. |
| ૧૩ | યુનિવર્સિટીના જે તે વિભાગને પાકું બીલ આપવાનું રહેશે. બીલના પેમેન્ટ બાબતે કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. બીલની કુલ રકમમાંથી નિયમાનુસાર TDS કાપી બીલનું ચુકવણું કરવામાં આવશે. |
| ૧૪ | ચા–પાણી–નાસ્તો અને ભોજન લીધા પછી ભોજનના કારણે જો કોઈ ભોજન લેનારના આરોગ્ય (ઝાડાં, ઉલ્ટી, તાવ, અશકિત વિગેરે.)ને લગતા પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની આરોગ્ય અને કાયદાકીય સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૧૫ | પાર્ટી પાસે સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્ર અને પાનકાર્ડ હોવું જરૂરી છે. |
| ૧૬ | ભાવપત્રક જમાં થયા પછી કોઈપણ વિગતો ઉમેરી શકાશે નહી. |
| ૧૭ | ભાવ ભરનાર વ્યાપારીએ જરૂરી પ્રમાણપત્ર, પાન કાર્ડ, સેલ ટેક્ષ નંબર, GST No અને **FSSAI** નંબર અને પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે. |

| | |
|---|---|
| ૧૮ | ભાવ પત્રકમાં આપેલ ક્રમાંક ૧ થી ૨ ની દરેક આઈટમોનો ભાવ તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી માન્ય રાખવામાં આવશે અને ખાસ સંજોગોમાં નકકી કરેલ કમીટી જો માન્ય રાખે તો વધારાના સમય ગાળા માટે આ ભાવ પત્રક માન્ય રાખવામાં આવશે અને વર્ષ દરમ્યાન કોઈ પણ ભાવ વધારો ફેર માન્ય રાખવામાં આવશે નહી. |
| ૧૯ | માન્ય રાખેલ ટેન્ડર પ્રમાણે ઓર્ડર આપ્યા પછી નિયત નમુના સ્પેસીફિકેશન મુજબ આઈટમ પુરી પાડવામાં નિષ્ફળ જશે તો જે તે આઈટમ અન્યથી ખરીદવામાં આવશે અને તે કારણે ટેન્ડરના ભાવ કરતા જે કંઈ ખર્ચ વધશે તે અંગે સઘળી જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે, અને તે તફાવતની રકમ તેઓ પાસેથી વસુલવામાં આવશે. |
| ૨૦ | કામગીરી પુર્ણ થયા પહેલા કોઈપણ પ્રકારનું એડવાન્સ રકમ/ પેમેન્ટ આપવામાં આવશે નહી તથા કામગીરી સંતોષકારક રીતે પુર્ણ થયા બાદ વડી કચેરીએથી બીલ પાસ થયા બાદ **Account Pay** ચેક / **RTGS** દ્વારા ચુકવણુ કરવામાં આવશે. |
| ૨૧ | ફોર્મમાં આપેલ ક્રમાંક ૧ થી ૨ દરેક આઈટમોનો ભાવ ભરવાનો રહેશે અને ૧થી ૨ દરેક આઈટમના કુલ રકમને ધ્યાનમાં રાખી નકકી કરેલ કમીટી દ્વારા મંજુર કરવામાં આવશે. |
| ૨૨ | દસ્તાવેજો/સાધનિક પ્રમાણપત્રો અને વિગતોની યાદી નીચે મુજબ ક્રમશઃ નકલ ગોઠવણી કરી સામેલ રાખવી, નહીંતર ટેન્ડર ફોર્મ અધૂરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હકદાવો રહેશે નહીં.<br>૧. ટેન્ડર ફીની રસીદ.<br>૨. અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ.<br>૩. પાન કાર્ડની નકલ.<br>૪. આધાર કાર્ડની નકલ.<br>૫. જીએસટી (GST) નોધણીનું સર્ટીફિકેટ<br>૬. કંપની રજીસ્ટ્રેશનની નકલ/ નગરપાલીકાનું સર્ટિફીકેટની નકલ/ રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્રની નકલ.<br>૭. FSSAI સર્ટિફીકેટની નકલ.<br>૮. બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી તે સબબનું લેટરપેડ પર પ્રમાણપત્ર. |
| ૨૩ | જો મોકલવામાં આવેલી વસ્તુની ગુણવત્તા જળવાશે નહી તો એમનું પેમેન્ટ અટકાવી દેવામાં આવશે. તેમજ ઓછી ગુણવત્તાવાળી વસ્તુઓ પરત કરવાનો ખર્ચ, ભાડુ જે તે માલિક (પાર્ટી) નો રહેશે. |
| ૨૪ | સંતોષકારક ભોજન તૈયાર કરવામાં ન આવે અથવા પાર્ટી વખતોવખત મળતી સુચનાઓનો અમલ ન કરે તો કોન્ટ્રાકટ રદ કરવાની સત્તા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત પાસે અબાધિત રહેશે. |
| ૨૫ | કોઈપણ વિવાદાસ્પદ કામમાં કે વસ્તુમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરતનો નિર્ણય આખરી રહેશે અને કોઈપણ જાતની કાનુની કાર્યવાહી સુરત જીલ્લા પુરતી મર્યાદિત રહેશે. |
| ૨૬ | શરતી ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |

**સ્થળ:**

**ઉપરોકત શરતો અને બોલીઓ (૧ થી ૨૬)**

**તારીખ:**

**મેં બરાબર વાંચીને સમજી છે અને તે મને માન્ય છે.**

**ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો**

<u>**બાંહેધરી પત્રક**</u>

પ્રતિ,
વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ.,
સુરત

અમો નીચે સહિ કરનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત માટે તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી પ્રવૃતિઓનું આયોજન કરવાનું હોય ત્યારે ભાગ લેનાર તાલીમાર્થી / લાભાર્થીઓને માટે ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) ની સેવાઓ માટેની ટેન્ડરમાં આપેલ શરતો ૧ થી ૨૬ મુજબનું પાલન કરીશું તથા સંતોષકારક સેવાઓ પુરી પાડવાની અમે બાહેધરી આપીએ છીએ. તેમ છતા કાર્યક્રમ દરમ્યાન શરતોનું ઉલંઘન થાય તો તમો અમારી ડીપોઝીટ કચેરી દ્વારા જપ્ત કરી શકશે એવી બાહેધરી લખી આપીએ છીએ.

સ્થળ :...............................

તારીખઃ.............................

પાર્ટીનાં સહિ અને સિકકા

સરનામું :

સંપર્ક–મો.નં.:

# **પાર્ટીની પ્રાથમિક માહિતી**

| | | | |
|---|---|---|---|
| ૧ | પાર્ટીનું નામ | : | |
| ૨ | કાયમી સરનામું | : | |
| ૩ | પત્ર વ્યવહારનું પુરૂ સરનામું | : | |
| ૪ | મોબાઈલ નંબર | : | |
| ૫ | ઈ–મેઈલ (જો હોય તો) | : | |
| ૬ | EMD અંગેની વિગત | | |
| | ડીમાન્ડ ડ્રાફટ નંબર | : | |
| | ડીમાન્ડ ડ્રાફટ રકમ | : | |
| | ડીમાન્ડ ડ્રાફટ તારીખ | : | |
| | ડીમાન્ડ ડ્રાફટની બેન્કનું નામ | : | |
| ૭ | Tender Fee અંગેની વિગત | | |
| | Tender Fee રસીદ નં. | : | |
| ૮ | ઈન્કમ ટેક્ષ PAN નંબર | : | |
| ૯ | આધાર કાર્ડ નંબર | : | |
| ૧૦ | GSTનંબર | : | |
| ૧૧ | કંપની રજીસ્ટ્રેશન નંબર / નગરપાલીકાનું સર્ટિફીકેટ / રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્ર | : | |
| ૧૨ | FSSAI નંબર | : | |

**ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો**